Summary

શોધનિબંધનો સારાંશ

કોઈ પણ માનવસમાજમાં તેના અધિનાયકો અને શ્રદ્ધાપુરુષોને લગતી પરંપરાઓ સ્વાભાવિક રીતે અતિશયોક્તિ અને ચમત્કારોથી ભરેલી હોય છે. ભારતીય સમાજમાં રામચરિત, કૃષ્ણચરિત, પાંડવચરિત, વિક્રમચરિત વગેરેને લગતી પરંપરાઓ આનાં ઉદાહરણો છે.

મહાભારતમાં પાંડવોના જીવનપ્રસંગો અને તેમનાં પરાક્રમોનું જે રીતે આલેખન થયું છે તે આંશિક અથવા તો સમૂળા ફેરફારો સાથે ભારતવર્ષના જુદા જુદા પ્રદેશોમાં વૈવિધ્યસભર પરંપરાઓ-લોકકથા, લોકગીત, લોકનાટ્ય, ચિત્ર અને ક્વચિત્ શિલ્પ-રૂપે જોવા મળે છે. આ રીતે પાંડવકથા લોકહૃદયમાં સતત ધબકતી રહી છે ને કળાપરંપરાઓમાં અભિવ્યક્ત થતી રહી છે. ભારતની ઘણી પ્રાદેશિક ભાષાઓમાં, ખાસ કરીને મધ્યકાળમાં, મહાભારતની સુદીર્ઘ અને સમૃદ્ધ પરંપરા રહી છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એમાં અપવાદ નથી. મધ્યકાળમાં અનેક ગુજરાતી કવિઓએ મહાભારતનાં એક પર્વથી માંડીને અઢારે પર્વો આધારિત રચનાઓ કરી છે.

મહાભારતમાં અઢારે પર્વમાં 'વિરાટપર્વ' સવિશેષ કવિપ્રિય અને લોકપ્રિય રહ્યું છે. લોકસમૂહમાં વિશેષ પ્રચલિત હોવાને નાતે મહાભારતનાં અન્ય પર્વોની તુલનામાં વિરાટપર્વનું કથાનક વિશિષ્ટ રીતે લોકરૂપ પામ્યું છે. એનો પ્રભાવ મધ્યકાળના કવિઓ ઉપર પણ પડ્યો છે. એટલે દરેક કવિએ પોતાની શક્તિનો હિસાબ 'વિરાટપર્વ'ની રચનામાં આપવા તાક્યું છે. આ કારણોસર સંશોધન માટે 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિરાટપર્વ આધારિત રચનાઓનો સમીક્ષાત્મક અભ્યાસ' એવો વિષય પસંદ કર્યો છે. આ રચનાઓમાં અનુસ્યૂત એવાં લોકતત્ત્વોના વિનિયોગની તપાસ સંશોધનના કેન્દ્રમાં છે. સમગ્ર અભ્યાસને આ રીતે આયોજિત કરવામાં આવ્યો છે :

~~Chapter - 1~~

પ્રકરણ : એક

મહાભારતનાં અઢાર પર્વોમાં 'વિરાટપર્વ' ચોથા સ્થાન પર છે. અનુદ્યૂત વખતે રાખવામાં આવેલી શરત મુજબ પાંડવો નિર્વાસિત થઈ બાર વર્ષ દેશવટો ભોગવે છે. શરતના ઉત્તરાર્ધ પ્રમાણે પાંડવોએ તેરમું વર્ષ અજ્ઞાતવાસમાં પસાર કરવાનું હોય છે. શરતાધીન પાંડવો તેરમે વર્ષે મત્સ્યદેશના રાજા વિરાટની રાજધાનીમાં ઓળખાઈ ન જવાય એ રીતે, જાત છુપાવી ચાકરીએ રહે છે. અજ્ઞાતવાસના વર્ષભરમાં બનતી ઘટનાઓ 'વિરાટપર્વ'ને વસ્તુ પૂરું પાડે છે.

પ્રસ્તુત અભ્યાસ માટે, મહાભારતનું બીજું કોઈ પર્વ નહિ, પરંતુ 'વિરાટપર્વ' જ પસંદ કરવાનું વિશેષ પ્રયોજન છે. આ પર્વમાં કોઈ આડકથાઓ કે ઉપકથાઓની ભરમાર નથી. એમાં બનતી મહત્ત્વની ઘટનાઓ પાંડવો સાથે સીધો જ સંબંધ ધરાવે છે. આથી 'વિરાટપર્વ' મહાભારતનાં અન્ય પર્વોની તુલનાએ સુગ્રથિત છે. આ અર્થમાં, 'વિરાટપર્વ'માં કાવ્યાત્મક ગુણવત્તા સવિશેષ જોવા મળે છે.

'વિરાટપર્વ' એની સંરચનાને લીધે વિશિષ્ટ અને અદ્વિતીય છે. 'વિરાટપર્વ'ની સંરચનામાં કાર્યરત એવી ઘટનાઓ અને એનું નિરૂપણ આપણને આશ્ચર્યચકિત કરે એ પ્રકારનું છે. 'વિરાટપર્વ'ની આ મુખ્ય ઘટનાઓની પૂર્વવર્તી અને પરવર્તી રેખાઓ મહાભારતના આરંભથી તે અંત સુધી લંબાય છે અને એકમેક સાથે સંકળાઈ જાય છે. જેમ કે, 'વિરાટપર્વ'ના આરંભે પાંડવોના રૂપપરિવર્તનનો સંબંધ, લાક્ષાગૃહની આગ પછી બચી ગયેલા પાંડવોએ ધારણ કરેલા ગુપ્તવેશની ઘટના સાથે જોડાઈ જાય છે. દ્રૌપદીસ્વયંવરમાં, દ્રૌપદી પત્નીરૂપે અને દ્રુપદ જેવા મહારથી વેવાઈ તરીકે પ્રાપ્ત થાય છે એ સાથે આ પ્રથમ ગુપ્તવાસનો અંત આવે છે. એ જ રીતે ઉત્તરાને પુત્રવધુરૂપે અને વિરાટને વેવાઈ તરીકે મેળવીને શરતપાલન માટે ભોગવેલા અજ્ઞાતવાસનો અંત આવે છે.

આ દરમિયાન બનતી ઘટનાઓમાં, જીમૂતવધને, બક આદિ રાક્ષસોના ભીમે કરેલા વધ સાથે સરખાવી શકાય. આ બધા વધપ્રસંગો નાયકનાં અપૂર્વ પરાક્રમોનું મહત્ત્વ ધરાવે છે. કીચકવધ પ્રસંગને પણ તેમાં ઉમેરી શકાય. વળી, કીચક વિરાટના દરબારમાં દ્રૌપદીની જે રીતે અવમાનના કરે છે તે હસ્તિનાપુરની રાજસભામાં થયેલી દ્રૌપદીની કરુણ સ્થિતિનું જ પુનરાવર્તન છે. આ બંને વખતે દ્રૌપદી 'દાસી' છે અને ભીમની ભૂમિકા પણ ઝાઝી ભિન્ન નથી. કીચકવધ તેમ જ દુઃશાસન-દુર્યોધનવધમાં જ એની પરિણતિ આવે છે.

'વિરાટપર્વ'ના ઉત્તરાર્ધમાં ગોગ્રહણની ઘટનાનું નિરૂપણ છે. ગોગ્રહણ નિમિત્તે ગોરક્ષાધર્મનું પાલન આદિપર્વની આવી એક ઘટના સાથે સામ્ય ધરાવે છે. આ ઘટનાને પરિણામે થતા યુદ્ધ અને યુદ્ધાંતનો પૂર્વસંકેત ઘોષયાત્રા દરમિયાન થયેલા યુદ્ધમાં જોવા મળે છે. બીજી બાજુ કુરુક્ષેત્રના મહાયુદ્ધનું તો એ લઘુરૂપ જ જાણે કે લાગે છે. મહાયુદ્ધ આરંભે થતો અર્જુનનો વિષાદયોગ અહીં વિરાટપુત્ર ઉત્તરની સમાન સ્થિતિ અને પ્રતિક્રિયામાં પ્રતિબિંબિત થાય છે.

આ ઉપરાંત 'વિરાટપર્વ'ની કેટલીક બીજી વિગતો પણ મહાભારતની પૂર્વવર્તી કે પરવર્તી ઘટનાઓ સાથે મૂકીને સરખાવી શકાય છે અને એ રીતે થોડા નવા અર્થો તારવી શકાય એમ છે.

આમ સમગ્ર મહાભારતના કેન્દ્રમાં 'વિરાટપર્વ' છે : પર્વ ૧થી ૩ ←૪→પથી ૧૮ પર્વ : એ તથ્યને આપણે પ્રતિપાદન કરી શકીએ છીએ. આ અર્થમાં, 'વિરાટપર્વ'ને મહાભારતની લઘુઆવૃત્તિ કે લઘુમહાભારત તરીકે ઓળખાવી શકાય. કદાચ મહાભારતનું પહેલું રૂપ 'જય' કાવ્ય અને 'વિરાટપર્વ' પરસ્પર વધુ નિકટ હોઈ શકે. આપણે ધારણા કરી શકીએ કે મહાભારતની મૂળ પ્રત 'વિરાટપર્વ'થી ખાસ ભિન્ન નહિ હોય.

આ ધારણાના પક્ષમાં ભાસકૃત 'પંચરાત્ર'નાટક અને પ્રહ્લાદનદેવકૃત 'પાર્થપરાક્રમવ્યાયોગ'ની ચર્ચા કરી છે. 'પંચરાત્ર'માં કવિએ કુરુક્ષેત્રના યુદ્ધને ટાળ્યું છે અને પાંડવોના અભિજ્ઞાન સાથે જ, કૌરવપાંડવોનું કાયમી સમાધાન થઈ જાય છે. જ્યારે પાર્થપરાક્રમવ્યાયોગની રચનામાં સમગ્ર મહાભારતનો કથાસંદર્ભ કવિએ લાઘવથી સમાવી લીધો છે. આ બંને કૃતિના સર્જનમાં 'વિરાટપર્વ'ની સામગ્રી અને તેની સંરચનાએ પ્રેરણા પૂરી પાડી છે.

'વિરાટપર્વ'ની તુલના નળકથા સાથે સ્વાભાવિક રીતે કરી શકાય, એવી એકથી વધુ ઘટનાઓનું સામ્ય બંને કૃતિઓમાં છે. અહીં એવા સમાંતરોની સહોપસ્થિતિઓ નોંધી, એની પાછળ પ્રવર્તતા પ્રયોજનને પ્રગટ કર્યું છે.

'મારા કરતાં પણ કોઈ મનુષ્ય પૃથ્વી પર વધુ દુઃખી છે કે નહીં ?' યુધિષ્ઠિરના આ પ્રશ્નના ઉત્તરમાં ઋષિ બૃહદશ્વે યુધિષ્ઠિરને નળકથા સંભળાવી હતી. તેમાં યુધિષ્ઠિરાદિને ભવિષ્યનું દર્શન કરાવી, આવનાર દુઃખો માટે માનસિક રીતે તૈયાર કરવાનો હેતુ રહ્યો છે.

લગભગ આવા જ એક બીજા પ્રશ્નના ઉત્તરમાં માર્કણ્ડેય મુનિ યુધિષ્ઠિરને રામની કથા કહે છે. આથી પાંડવકથા (વિરાટપર્વ), નળકથા અને રામકથાની તુલના વડે જે કેટલાંક સમાન તારણ કાઢી શકાય છે તેની વિચારણા કરી છે.

વનપર્વની ઉક્ત બે કથાઓ 'વિરાટપર્વ'ના સન્દર્ભમાં મહત્ત્વની છે, તો વનપર્વનો અંતિમ પ્રસંગ જરા જુદી રીતે પણ વિશેષ મહત્ત્વનો છે. 'વિરાટપર્વ'ની પશ્ચાદ્‌ભૂમાં રહેલો આ યક્ષપ્રશ્નોત્તરનો પ્રસંગ કેટલીક મહત્ત્વની કડીઓ જોડી આપે છે. એ દૃષ્ટિએ 'વિરાટપર્વ'ની પશ્ચાદ્‌ભૂમાં રહેલો આ યક્ષપ્રશ્નોત્તરનો પ્રસંગ કેટલીક મહત્ત્વની કડીઓ જોડી આપે છે. એ દૃષ્ટિએ 'વિરાટપર્વ'ની કૃતિસમીક્ષા કરી છે અને 'વિરાટપર્વ'ના સઘન અભ્યાસ દરમિયાન જણાઈ આવેલાં વિશેષોની સોદાહરણ ચર્ચા કરી છે. કૃતિમાં પ્રવર્તતા માનવમન અને માનવસંબંધોના તત્ત્વને કેન્દ્રમાં રાખી મુખ્ય ચરિત્રોની સંકુલતાને ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે. એમ કરતાં, આ ચરિત્રોને લગતા, પૂર્વવર્તી અને પરવર્તી સંદર્ભોને જ્યાં જરૂર પડે ત્યાં ખપમાં લીધા છે. જેથી એક પ્રકારની અખંડિતતા જળવાઈ રહે.

ગૌગ્રહણનું કથાનક 'વિરાટપર્વ'નો આઘઝાઝેરો ભાગ રોકતું અનેક રીતે મહત્ત્વનું એવું કથાનક છે તેથી ગૌગ્રહણને યુદ્ધ નિમિત્ત પૂરું પાડતું કોઈ સરળ કથાનક ગણી અવગણવાને બદલે તેના અર્થસંકેતો શોધવાનો પ્રયત્ન કર્યો છે. પરિણામે ભારતીય સંસ્કૃતિનાં કથાનકોમાં પ્રવર્તતી ગૌ-ની પુરાકથા સાથે સમગ્ર કથાનકનો સંબંધ જોડી શકાય છે. એમાંના કેટલાક સંકેતો સૂર્યની પુરાકથા અને અગ્નિની પુરાકથા સુધી આપણને દોરી જાય છે. આ રીતે આખા વિશ્વને આવરી લેતી સૌરપુરાકથા અને એથી રચાતું વૈશ્વિક દર્શન 'વિરાટપર્વ'માં કઈ રીતે કાર્યરત છે તેની ચર્ચા વિચારણા કરવામાં આવી છે.

પ્રકરણ : બે

મહાભારત અને રામાયણ જેવી કૃતિઓ આદિકાવ્યો તરીકે સર્વસ્વીકાર્ય છે. વૈદિક સાહિત્યકૃતિઓ અને કાલિદાસ આદિ મહાકવિઓની કૃતિઓ વચ્ચે એમનું સ્થાન નિશ્ચિત કહી શકાય. સ્વાભાવિક રીતે જ આ બંને ગ્રંથો પ્રશિષ્ટ કૃતિઓનો મહિમા ધરાવે છે.

રામાયણ અને મહાભારત એ ઉભય કૃતિઓમાં રામાયણ આપણી કાવ્યની અપેક્ષાને વિશેષ સંતોષે એવું કલાતત્ત્વ અને સંયોજન ધરાવે છે. છતાં પણ લોકકથાનકોના અનેક અંશો એમાં ગુંથાઈ ગયેલા છે. જૂના જમાનામાં રામકથાનું મૂળ રૂપ એક લોકકથાથી જુદું નહિ હોય. 'અપરમાના દ્વેષને કારણે દેશવટો ભોગવતા રાજકુમારની પરાક્રમકથા'ની રીતે જો રામચરિત્રને જોઈએ તો આપણને રામાયણના મૂળમાં, લોકકથાનું બીજ પડેલું સ્પષ્ટ જોવા મળે છે.

જ્યારે મહાભારતનું સ્વરૂપ રામાયણ કરતાં ઘણું ભિન્ન છે અને કદ અનેકગણું બૃહત્ છે. રામાયણની જેમ મહાભારત કોઈ એક કવિની રચના નથી. પરંતુ એક કરતાં વધુ કવિઓની સામૂહિક રચના છે. છેક મુદ્રિત સ્વરૂપ પામે છે ત્યાં સુધી મહાભારતમાં અનેક પ્રક્ષેપો થતા રહ્યા છે. પરિણામે મહાભારતની મૂળ પાંડવકથા તો ચોથો ભાગ જ રોકે છે. બાકીના ત્રણ ભાગમાં અનેક આડકથાઓ અને ઉપકથાઓનાં પાણી ઘેરીને ઘૂઘવે છે. જેમાં પુરાકથાઓ, દંતકથાઓ અને લોકકથાઓનાં અનેક સ્તરો સતત તરે છે. ઘણા દેશી પરદેશી વિદ્વાનોએ આ અભિગમથી મહાભારતનો સઘન અભ્યાસ કરેલો છે. હારવિટ્ઝ જેવા અભ્યાસીએ મહાભારતને લગતું પોતાનું જે મંતવ્ય પ્રગટ કર્યું છે, એમાં એમણે લોકપ્રચલિત વીરગીતો તરફ સંકેત કરેલો જ છે. અનેક કવિઓએ આ વીરગીતો, લોકકથા-દંતકથા-પુરાકથાઓ એકત્ર કરી, સંપાદિત કરી, એક લોકપ્રિય યુદ્ધકથા-મહાભારત-નું આજનું સ્વરૂપ નિશ્ચિત કર્યું હશે.

એના મૂળ રૂપમાં આ પાંડવકથા એટલી પ્રાચીન અને પરંપરાગત છે જેટલી ભારતીય સંસ્કૃતિ પ્રાચીન અને પરંપરાગત છે. એની પ્રાચીનતા વિશેના અનેક પુરાવાઓ મળી આવ્યા છે.

પ્રાચીનતાની સાથે સાથે પાંડવકથા ભારતમાં અને ભારતબહાર અત્યંત લોકપ્રિય અને લોકપ્રચલિત પણ રહી છે. કમ્પુચિઆ, જાપાન,મોન્ગોલિયા, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, જાવા જેવા સીમાપારના દેશોમાં પાંડવકથાની સમૃદ્ધ પરંપરા રહી છે. વળી, તેની કંઠપરંપરા (મૂળ મહાભારતની, સંસ્કૃત વાચના, લિપિબદ્ધ થઈ એ પહેલાંથી સૂત, વાદીન, મગધ, ગ્રન્થિક, કુશીલવ જેવાં સ્વરૂપમાં) આરંભથી તે છેક આજ સુધી ટકી રહી છે.

ભારતના સમગ્ર પ્રાંતોમાં, પાંડવકથાની સમૃદ્ધ કંઠપરંપરા, વૈવિધ્યમય રીતે જોવા મળે છે. મણિપુરની 'વારી લીબા', અસમની 'ઓઝહાપાલી', ઓરિસ્સાની 'પાલા', મધ્યપ્રદેશની 'પાંડવાની', રાજસ્થાનની 'ભીમોભારત' અને દક્ષિણ ભારતના પ્રાંતોમાં 'હરિકથા' અને તેનાં જેવાં વિવિધ રૂપોની સમૃદ્ધ પરંપરા છે. ગુજરાતમાં ખેડબ્રહ્માનાં ડુંગરીભીલોમાં 'ભારથવાર્તા'ના સ્વરૂપમાં પાંડવકથા પ્રચલિત છે.

આવી કંઠપરંપરાની સમાંતરે જ પાંડવકથાની લિખિત પરંપરા ચાલતી આવી છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ભાષાઓમાં મહાભારતના કથાનકને લગતી અનેક કૃતિઓ મળે છે. તો બીજી બાજુ રાજસ્થાની, મરાઠી, બંગાળી, અસમિયા ઉપરાંત દક્ષિણ ભારતની ભાષાઓના મધ્યકાળના સાહિત્યમાં મહાભારત કથાની સમૃદ્ધ પરંપરા જોવા મળે છે. મધ્યકાળની લિખિત પરંપરા કંઠપરંપરાથી વારંવાર પ્રભાવિત થતી રહી છે. આવા પ્રભાવને લીધે આ બધી કૃતિઓમાં જે તે ભાષા અને પ્રદેશોનાં લોકકથાનકો સતત સંયોજાતાં રહ્યાં છે.

ગુજરાતી ભાષામાં, ચૌદમી સદીથી લઈને ઓગણીસમી સદીના મધ્યભાગ સુધીના સમયગાળામાં અનેક જૈન અને જૈનેતર કવિઓએ મહાભારત આધારિત કૃતિઓની રચના કરી છે. એમાં એક બાજુ મહાભારતનાં સ્વતંત્ર પર્વોની રચનાપરંપરા છે તો બીજી બાજુ આડકથા-ઉપકથાને કેન્દ્રમાં રાખીને સ્વતંત્રપણે રચાયેલાં આખ્યાનોની પરંપરા પણ છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મહાભારત પરંપરાની ટૂંકી રૂપરેખા અહીં આપી છે. ઉપરાંત 'આદિપર્વ'ના કથાનકો અને વ્યાસકૃત મહાભારતમાં જેનું આલેખન નથી, જેને આપણે મહાભારતની લોકપરંપરાના કથાનકો ગણી શકીએ એવા કેટલાંક કથાનકોનો અભ્યાસ પ્રસ્તુત કર્યો છે.

પ્રકરણ : ત્રણ

મધ્યકાળની મહાભારત પરંપરામાં 'વિરાટપર્વ' પર આધારિત હોય તેવી અઢાર રચનાઓ મળે છે. એમાં, અગિયાર રચનાઓ (બે સંદિગ્ધ સમેત) પ્રગટ અને સાત અપ્રગટ છે જેમાંથી સમગ્રતા અને વૈવિધ્ય જળવાઈ રહે એ રીતે છ પ્રગટ રચનાઓ પ્રસ્તુત અભ્યાસ માટે સ્વીકારી છે. કૃતિઓ આ પ્રમાણે છે :

	કૃતિ	કર્તા	રચના સમય	વિગત
૧.	*વિરાટપર્વ*	*શાલિસૂરિ*	*સં. ૧૪૭૮ / ઈ.સ.૧૪૨૨*	*મુદ્રિત, સંપા : ચિમનલાલ ત્રિવેદી, કનુભાઈ શેઠ ગૂર્જર પ્રકાશન, પ્ર.આ. ૧૯૬૯*
૨.	*વિરાટપર્વ*	*નાકર*	*સં.૧૬૦૧ / ઈ.સ.૧૫૪૫*	*મુદ્રિત, સંપા : કે.કા.શાસ્ત્રી, શ્રીમહાભારત, ગુજરાતી પદ્યબંધ, ગ્રંથ : ત્રણ, પ્રકા. ફાર્બસ સભા, પ્ર.આ. ૧૯૩૬*
૩.	*વિરાટપર્વ*	*મેગલ*	*સં. ૧૬૩૯ / ઈ.સ.૧૫૮૩*	*અંશતઃ મુદ્રિત, સંપા. ઉષા ભટ્ટ વિદ્યાપીઠ સામયિક, મે-જૂન ૧૯૮૨*
૪.	*પાંડવલા*	*વીરચંદ, રાઘવજી*	*સં. ૧૮૫૬ / ઈ.સ. ૧૮૦૦ આસપાસ*	*મુદ્રિત, સંપા : હરિવલ્લભ ભાયાણી પ્રકા. ગુજ.સા.અકાદમી, પ્ર.આ. ૧૯૯૧*
૫.	*મહાભારતની કથા*	*વલ્લભ*	*સં. ૧૯૦૬ / ઈ.સ. ૧૮૫૦ આસપાસ*	*મુદ્રિત, પ્રકા. ચમનલાલ લલ્લુભાઈ શાહ તથા અન્ય, ૧૮૯૫*
૬.	*ભાષા મહાભારત*	*રેવાશંકર*	*સં. ૧૯૦૬ / ઈ.સ. ૧૮૫૦ આસપાસ*	*મુદ્રિત, પ્રકા. બાજીભાઈ અમીચંદ, સુધાસાગર છાપખાનું, ૧૮૯૯*

'વિરાટપર્વ' આધારિત ઉક્ત કૃતિઓમાંનાં કથાનકને લોકકથાની વિશેષતાની દૃષ્ટિએ અને લોકકથાના પ્રચલિત સંવિધાનની પદ્ધતિએ તપાસવાનો પ્રયત્ન કર્યો છે. આ પદ્ધતિ મુજબ 'વિરાટપર્વ'નાં કથાવસ્તુ, સામગ્રીને એકમોમાં વિભાજિત કરતાં પાંચ મુખ્ય મહત્ત્વની ઘટનાઓને આધારે પાંચ એકમરૂપ કથાઘટકો તારવી શકાય. આ એકમરૂપ ઘટકોની અંતર્ગત એક જ ઘટકના પર્યાયો કે ઉપઘટકોનો સમાવેશ પણ કરવામાં આવે છે. એટલે કે, આને આધારે અન્ય કથાઘટકોની તારવણી અને કથાપ્રકૃતિઓનું વર્ગીકરણ કરી શકાય છે.

'વિરાટપર્વ'નાં મુખ્ય એકમરૂપ કથાઘટકો આ પ્રકારે છે :

ક. અજ્ઞાતવાસ
રૂપપરિવર્તન-લિંગ પરિવર્તન, ગુપ્તવેશનું કથાઘટક
શરતપાલનનું પ્રયોજન

ખ. જીમૂતવધ
મલ્લયુદ્ધ-હથિયાર વિનાનું યુદ્ધ, બાહુબળનું કથાઘટક
છુપાયેલા (પાંડવો)ની શોધનું પ્રયોજન
ગુપ્તવેશના રક્ષણની કસોટી

ગ. કીચકવધ
કામલાલસા-દાસી પર કુદૃષ્ટિ-નું કથાઘટક
શીલત્વ-ચારિત્ર્યશુદ્ધિનું પ્રયોજન
ગુપ્તવેશના રક્ષણની કસોટી

ઘ. ગૌગ્રહણ
ગાયોના રક્ષણનું કથાઘટક
ગાય, ધર્મ, સ્ત્રી, ભૂમિ માટે પ્રાણત્યાગનું પ્રયોજન
ગુપ્તવેશના રક્ષણની કસોટી

ચ. ઉત્તરા-અભિમન્યુવિવાહ
વંશવેલાનું કથાઘટક
છુપાયેલાની ઓળખ-અભિજ્ઞાનનું પ્રયોજન
અભિમન્યુ આખ્યાનની પરંપરા

પ્રકરણ : ચાર

આ પ્રકારની કૃતિઓના નિરૂપણમાં લોકજીવનનાં પ્રચલિત તત્ત્વો-લોકતત્ત્વો વ્યાપક રીતે ઓતપ્રોત હોય છે. આ લોકતત્ત્વોનું ત્રણ સ્તરે વર્ગીકરણ કરવામાં આવે છે. ૧. માન્યતા અને રીતિરિવાજો ૨. કથનાત્મક અને ગેય પદો ગીતો તથા ૩. કળાત્મકતા. આમાંના રીતિરિવાજ અને માન્યતાના પ્રથમ સ્તરને વળી બે જુદી રીતે વર્ગીકૃત કરી શકીએ.

૧. સામાજિક સાંસ્કૃતિક રીતિરિવાજો અને પ્રથાપરમ્પરાઓ
૨. તત્કાલીન માન્યતાઓ અને અંધવિશ્વાસ

અભ્યાસગત કૃતિઓમાં આ તત્ત્વોની તપાસનો ઉપક્રમ પણ રાખવામાં આવ્યો છે. જેમાં લોકતત્ત્વો વિશેષ રીતે વિનિયોગ પામેલાં હોય એવી રચનાઓમાં એક વ્યાપક સાંસ્કૃતિક અને સામાજિક સંદર્ભ સંકળાતો રહેતો હોય છે જ. એટલે આવી કૃતિઓને એના સાંસ્કૃતિક સંદર્ભથી ઉચ્છેદીને જોઈ શકાય નહિ.

આ પ્રકરણના બીજા વિભાગમાં પાંડવકથા અને પાંડવચરિતને લગતી જે જે અનુશ્રુતિઓ સમગ્ર ભારતમાં અને ગુજરાત પ્રદેશમાં પ્રચલિત છે એની નોંધ લીધી છે. એમાંની થોડી - ખાસ કરીને વિરાટપર્વ સંબંધિત - અનુશ્રુતિઓ પાછળ પ્રવર્તતા સામૂહિક અવચેતનમનનો પરિચય મળી રહે એ માટે રજૂ કરી છે.

પ્રકરણ : પાંચ

મધ્યકાળના ગુજરાતી સાહિત્ય-સર્જનમાં કથનાત્મક કવિતાની દીર્ઘ પરંપરા રહી છે. પ્રબંધ, પવાડો, શલોકો, પદ્યવાર્તા અને આખ્યાન જેવાં કાવ્યસ્વરૂપો યથોચિત, કથાસામગ્રીની વિશિષ્ટતા મુજબ પ્રયોજાતાં રહ્યાં છે. રામાયણની, મહાભારતની કથા પણ મોટે ભાગે આખ્યાનસ્વરૂપમાં અભિવ્યક્તિ પામી છે. અભ્યાસગત કૃતિઓના કવિઓએ આખ્યાનસ્વરૂપની શક્યતાને કઈ રીતે ખપમાં લીધી છે તેની વિચારણા આ પ્રકરણમાં કરવામાં આવી છે. ઉપરાંત આ રચનાઓના કથા પ્રસંગો, પાત્રો, ક્રિયાવેગ જેવાં કથાઘટકોને કથનાત્મક કવિતાની વિધવિધ પ્રયુક્તિઓ કઈ રીતે ઘાટ આપે છે, વિકસાવે છે કે નિયંત્રિત કરે છે એની સ-ઉદાહરણ ચર્ચા કરી છે.

આ પ્રકરણના બીજા વિભાગમાં, અભ્યાસાન્તર્ગત કૃતિઓમાં મળતા 'કવિસમય'ની નોંધ લીધી છે. નાયક, નાયિકા કે અન્ય પાત્રોના રૂપગુણને લગતું પરંપરાગત નિરૂપણ, ચરિત્રચિત્રણની રૂઢ શૈલી કે વન-નગર-યુદ્ધનાં વર્ણનોને કવિસમય અન્તર્ગત સમાવી શકાય. આ કવિસમય સામૂહિક કવિ કલ્પનાની નીપજરૂપ હોય છે. એને કલ્પિત કથાઘટકો તરીકે ઓળખાવવા હોય તો ઓળખાવી શકાય. વળી પરંપરામાં આને લગતી Floating text લગભગ તૈયાર જ હોય છે અને જે તે સમયે જે તે કવિઓ થોડા ફેરફારો સાથે ખપમાં લેતા હોય છે. જેમ કે, દ્રૌપદીના રૂપવર્ણન અને દમયંતીના રૂપવર્ણનમાં ઝાઝો તફાવત જોવા ન મળે. જ્યાં શક્ય છે ત્યાં આવાં સમાન્તર ઉદાહરણો નોંધ્યા છે.

આ રચનાઓના સર્જન વખતે મધ્યકાળના કવિઓએ લોકકવિતાની જે જે પ્રયુક્તિઓ ખપમાં લીધી છે તેની ચર્ચા પણ સાથે સાથે કરી છે. કેટલીક વખત આવી કૃતિઓના કેટલાક કાવ્યખંડો પર લોકગીતની ગાઢ છાપ પણ અંકાયેલી જોવા મળે છે. આ સંદર્ભમાં અભિમન્યુને લગતાં લોકગીતોનો વિનિયોગ અભિમન્યુ આખ્યાનમાં જે રીતે થયો છે તેની તુલના પણ કરી છે.

આ પ્રકારના અભ્યાસ દરમિયાન ગેય ઢાળો, માંત્રિક છંદો કે ચારણી છંદોનાં ઉદાહરણો નોંધ્યા છે અને રચનાઓમાં કહેવતો, ઉખાણા કે રૂઢિપ્રયોગોના નિરૂપણથી સંપૂર્ણપણે પ્રગટતી લોકકવિતાની ઘનતાની નોંધ કરી છે.

'વિરાટપર્વ' આધારિત ઉક્ત રચનાઓ ૧૪મી સદીથી ૧૯મી સદી સુધીના લાંબા સમયગાળામાં રચાયેલી છે. એટલે સ્વાભાવિક રીતે તેમાં, બદલાતા જતા સમાજની, બદલાતા જતા સર્જક અભિગમની, બદલાતા કૃતિપાઠ કે કૃતિગત વિશ્વની છબિ ઝિલાઈ હોય એવી અપેક્ષા રહે. પરંતુ હકીકત એમ નથી. રાજકીય રીતે તો આ સમયગાળામાં સોલંકી, મુસ્લિમ, મોગલ, મરાઠા ને અંગ્રેજોની રાજ્યસત્તાઓ ગુજરાતનું શાસન સંભાળે છે. આવાં એકાધિક સત્તાપરિવર્તનોમાં પણ મૂલ્યપરિવર્તનો થતાં નથી. ભારતીય જીવનમૂલ્યો એનાં એ જ રહે છે.

યુરોપમાં, પશ્ચિમી જગતમાં આ સમયગાળો રાષ્ટ્રીય પુનરુત્થાન અને નવજાગરણનો છે. આ સમય દરમિયાન ત્યાં બનેલી ઘટનાઓ ભારત જેવા પૂર્વના દેશોમાં જોવા મળતી નથી.

પ્રકરણ ૩,૪ અને ૫માં જે અભિગમ વડે 'વિરાટપર્વ' પર આધારિત મધ્યકાલીન ગુજરાતી રચનાઓની તપાસ કરી છે એ પરથી આપણે એવો મત પ્રતિપાદિત કરી શકીએ છીએ કે અભ્યાસાન્તર્ગત રચનાઓ ભલે બાહ્ય રીતે પૌરાણિક સ્વરૂપ ધરાવતી હોય પરંતુ ખરેખર તો આંતરિક રીતે મૂળ કૃતિને અનુરૂપ એવું લૌકિકરૂપ ધરાવે છે. આમ, મધ્યકાલીન ગુજરાતી વિરાટપર્વો અને સમગ્ર મહાભારત પરંપરા એ સંસ્કૃત મહાભારતનો માત્ર અનુવાદ નથી. પરંતુ અનેક પ્રાદેશિક વિશેષો ધરાવતી સર્જનાત્મક રચનાઓ જ છે.

Statement of original research work

આ સંશોધન માટે સ્વીકારેલો વિષય : 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિરાટપર્વ આધારિત રચનાઓનો સમીક્ષાત્મક અભ્યાસ' - મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાંની મહાભારત પરંપરાના એક મહત્ત્વના પર્વને અનુલક્ષે છે. 'વિરાટપર્વ' એમાંના તીવ્ર વેગવાળા પ્રસંગોને લીધે ખૂબ મહત્ત્વનું બન્યું છે. એમાં લોકસમૂહને ઊંડો રસ પડે એવું આકર્ષક માનવીય તત્ત્વ પણ છે. આ કારણોસર વિરાટપર્વ ઘણું લોકપ્રિય અને વિશિષ્ટ બન્યું છે. મહાભારતના કથાકારો, માણભટ્ટો કથાની શરૂઆત 'આદિપર્વ'થી નહિ પરંતુ વિરાટપર્વથી કરતા. આમ આ પર્વે એક રીતે આદિપર્વને પણ આઘું ખસેડ્યું છે. મધ્યકાળના સાહિત્યમાં સંશોધનનો ઠીકઠીક અવકાશ રહેતો હોય છે. મધ્યકાલીન સાહિત્યને લગતાં સંશોધનમાં કર્તા ને કૃતિનો સમયનિર્ધાર, કૃતિગત સામગ્રી, મૂળ સ્રોત સાથે તેની તુલના, ચરિત્રનિર્માણ, રસનિરૂપણ, સમાજદર્શન અને કૃતિપાઠ સંપાદનનો અભિગમ અને આવું ઘણું બધું સતત જોવા મળતું રહે છે. અલબત્ત આવા અભ્યાસોનું મૂલ્ય જરાય ઓછું આંકી ન શકાય. જો કે પ્રસ્તુત સંશોધનમાં મધ્યકાલીન કૃતિઓના અભ્યાસના રૂઢ માળખાથી ઊફરા ફંટાવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

મધ્યકાળમાં ગુજરાતી કવિતા આખ્યાન પ્રકારના કથનાત્મક કાવ્યસ્વરૂપમાં ઉત્તમ આવિષ્કાર પામી હતી. આવાં આખ્યાનોની રચનામાં મધ્યકાળનો કવિ એક બાજુ રામાયણ, મહાભારત કે ભાગવત આદિ પુરાણોમાંથી પ્રેરણા મેળવતો હતો અને બીજી બાજુ લોકપરંપરામાંથી પણ ભારોભાર પ્રેરણા મેળવતો હતો. પરિણામે આ આખ્યાનકૃતિઓ બાહ્ય રીતે પૌરાણિક સ્વરૂપ ધરાવતી પરંતુ આંતરિક રીતે તો લૌકિક રૂપ ધરાવતી રચનાઓ બની છે.

આપણે ત્યાં થયેલા મધ્યકાલીન કૃતિઓના અભ્યાસમાં કૃતિગત વસ્તુ અને મૂળ સ્રોત સાથે એની તુલના જરૂર થઈ છે. પરંતુ મૂળ સ્રોતનો સઘન, સર્વાંગી, અભ્યાસ હજી સુધી થયો નથી, થતો નથી અને અભ્યાસગત કૃતિમાં લોકતત્ત્વના વિનિયોગની તપાસને તો તદ્દન અવગણવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં આ બંને અવગણાયેલાં પરંતુ વિશેષ મહત્ત્વનાં એવાં પાસાં ઉપર જ સમગ્ર અભ્યાસ કેન્દ્રિત કરવામાં આવ્યો છે. સૌ પહેલાં તો મૂળ સંસ્કૃત 'વિરાટપર્વ'ની સંરચના તપાસી છે અને એ આધારે 'વિરાટપર્વ'ની લઘુમહાભારત કે મહાભારતની લઘુઆવૃત્તિ તરીકે સ્થાપના કરી છે. એના સમર્થનમાં ભાસ અને અન્ય સંસ્કૃત કવિની રચનાનાં ઉદાહરણો નોંધ્યા છે. ઉપરાંત 'વિરાટપર્વ'ની તુલના નળકથા અને રામકથા સાથે કરી કેટલાંક સમાન ઘટકોની તારવણી કરી છે તેમજ ઉત્તરાર્ધના ગૌગ્રહણના કથાનકમાં રહેલાં અર્થસંકેતો શોધી સૂર્ય અને અગ્નિની પુરાકથા સાથે તેના સંબંધની ચર્ચા કરી છે, વળી સમગ્ર પર્વની સમીક્ષા પણ કરી છે. મૂળ સ્રોતનો આ પ્રકારનો સઘન અભ્યાસ અહીં પહેલીવાર પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'વિરાટપર્વ' આધારિત રચનાઓના અભ્યાસ પર આવતાં પહેલાં પાંડવકથાની પ્રાચીનતા તથા લોકપ્રિયતા તેમજ પાંડવકથાની કંઠપરંપરા અને તેને સમાંતરે ચાલતી રહેલી લિખિત પરંપરા એ દરેકની વિગતો સાથે નોંધ લીધી છે અને તે પછી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મહાભારત પરંપરાની ચર્ચા કરી છે.

મધ્યકાળનું સમગ્ર ગુજરાતી સાહિત્ય અનેક રીતે લોકસાહિત્ય અને લોકપરંપરાઓ સાથે નિકટનો સંબંધ ધરાવે છે. એ અવગણાયેલી હકીકતને ધ્યાનમાં લઈ, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિરાટપર્વ આધારિત રચનાઓમાં લોકતત્ત્વનો વિનિયોગ કઈ રીતે થયો છે એની તપાસ પછીનાં ત્રણ પ્રકરણોમાં લોકકથા, લોકસંસ્કૃતિ અને લોકસમાજ તથા લોકકવિતા, કથનાત્મક કવિતા એમ ત્રિવિધ રીતે કરવામાં આવી છે. પ્રથમ તો 'વિરાટપર્વ'ના કથાનકની લોકકથાની દૃષ્ટિએ અને લોકકથાના સંવિધાનની પદ્ધતિએ તપાસ કરી છે. પછી આ રચનાઓને તેના વ્યાપક સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં મૂકીને જોવાનો પ્રયત્ન કર્યો છે તથા પાંડવકથા અને પાંડવચરિત્રને લગતી અનુશ્રુતિઓને રજૂ કરતી છે. ઉપરાંત આ રચનાઓમાંના રૂપસૌન્દર્યવર્ણન, વનવર્ણન, નગરવર્ણન, યુદ્ધવર્ણન જેવા વર્ણનખંડો અને તેની પરંપરામાં મળતી floating textને લગતી વિગતો તારવી છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કથનાત્મક કવિતાની પરંપરાના સંદર્ભમાં પણ અભ્યાસગત કૃતિઓની તપાસ કરી છે અને તેમાં પ્રયોજાયેલી વિધવિધ કથનાત્મક પ્રયુક્તિઓની ચર્ચા કરી છે. આ રચનાઓના સર્જનમાં કવિઓએ લોકકવિતાની જે જે પ્રયુક્તિઓને પણ ખપમાં લીધી છે તેની પણ સાથોસાથ ચર્ચા કરી છે અને કેટલાંક કાવ્યખંડોમાં લોકગીતની દૃઢ છાપ અંકાયેલી જોવા મળે છે ત્યાં તુલના પણ કરી છે.

આમ, સમગ્ર સંશોધનમાં અભ્યાસના રૂઢ માળખાથી ઊફરા ફંટાઈ, નવાં તથ્યોનો સાક્ષાત્કાર કરવાનો ઉદ્દેશ રહ્યો છે અને એવા અભ્યાસ - સંશોધનને અંતે પ્રાપ્ત થતા મહત્ત્વનાં નિરીક્ષણો અને તારણો અહીં રજૂ કર્યા છે. એ રીતે આ સંશોધનકાર્ય મૌલિક છે. ગુજરાતી વિવેચન અને સંશોધન ક્ષેત્રે એનું નોંધપાત્ર પ્રદાન લેખાશે એમ નમ્રતાથી કહેવું જોઈએ.

રાજશ્રી પંડ્યા
૨૧ એપ્રિલ '૯૮